# પાલનપુરના વિકાસનો નકશો બતાવ્યા વિના જ મંજુર કરાયો

## નગરપાલિકાની સાધારણ સભા માત્ર પાંચ મિનિટમાં બહુમતીના જોરે આટોપી લેવાઇ



**ભ્રષ્ટાચાર બહાર ન આવે તે માટે ચર્ચા કરાતી નથી : અમૃતભાઇ જોષી**

પાલનપુર નગરપાલિકામાં ભાજપની બોડી દ્વારા ભય વિના ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. આજે મંજુર કરાયેલા ઠરાવોમાં વિકાસનો નકશો કોઈને બતાવ્યા વિના જ મંજુર કરી દેવાયો છે. આ નકશા થકી જુદાજુદા બિલ્ડરો પાસેથી ગ્રીનબેલ્ટના નામે નાણાં પડાવવામાં આવતા હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. આ ઉપરાંત રાજીવગાંધી આવાસ યોજના અંતર્ગત હજુસુધી લાભાર્થીઓ રહેવા પણ ગયા નથી. છતાં તેમાં રહીશોને બતાવવામાં આવી રહ્યા છે. પાલનપુરના દરેક વોર્ડમાં સફાઈ નથી થતી. ભીનો – સુકો કચરો અલગ નથી તારવવામાં આવતો છતાં રેકર્ડ ઉપર તેમ બતાવી ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે.

પાલનપુર નગરપાલિકાની સાધારણસભા બુધવારે યોજાઈ હતી. જોકે, વિપક્ષના વિરોધ વચ્ચે માત્ર પાંચ જ મિનીટમાં સભા આટોપી લેવામાં આવી હતી. જેમાં પાલનપુર શહેરનો વિકાસનો નકશો પણ ખુદ ભાજપના સભ્યોને બતાવ્યા વિના જ મંજુર કરી દેવામાં આવ્યો હતો. આ મુદ્દે વિપક્ષના નેતાએ ભારે આક્રોશ વ્યકત કર્યો હતો.

પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા બુધવારે નગરપાલિકાના સભાખંડમાં યોજાઈ હતી. જેમાં વંદે માતરમ ગાન બાદ સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પ્રારંભમાં નગરપાલીકા સદસ્યોના પરિવારજનોના નિધનનો શોક ઠરાવ પસાર કરી તેમના આત્માને શાંતિ માટે બે મિનીટનું મૌન પાળવામાં આવ્યું હતુ. જે બાદ પ્રમુખ અશોક ઠાકોરે સભાની કાર્યવાહી શરૂ કરી હતી. જેમાં ગતસભાની કાર્યવાહીને બહાલી આપવાના પ્રથમ મુદ્દે જ વિપક્ષના નેતા અમૃતભાઈ જોષીએ વિરોધ નોધાવ્યો હતો. અને ગત સભામાં કોઈ ચર્ચા કર્યા વિના જ સભા પુરી દીધી હોઈ આ વખતે તમામ ઠરાવો મુદ્દે ચર્ચા કરવાનું કહેતા પાલિકા પ્રમુખે બહુમતીના જોરે તમામ ઠરાવો મંજુર કરી માત્ર પાંચ મિનિટમાં સભા પુરી કરી દીધી હતી. જેના પગલે કોંગ્રેસના સભ્યોએ ભારે આક્રોશ વ્યકત કર્યો હતો. આ મંજુર કરાયેલા ઠરાવોમાં પાલનપુરના વિકાસનો નકશો પણ મંજુર કરાયો હતો. જોકે, તેની કોપી ખુદ ભાજપના સભ્યોને પણ બતાવવામાં આવી ન હોઈ અંદરો- અંદર ગણગણાટ સાંભળવા મળ્યો હતો.



**કોંગ્રેસના સભ્યએ કામના વખાણ કર્યા**

સાધારણ સભા દરમિયાન કોંગ્રેસના સભ્ય અને પૂર્વ નગરપાલિકાના પ્રમુખ ઈબ્રાહિમ મલેકે ભાજપનીબોડી દ્વારા પ્રજાસત્તાક દિન અંતર્ગત થયેલા કામોના વખાણ કરતાં એક તબક્કે સાથી કોંગી સદસ્યો સ્તબ્ધ થઈ ગયા હતા. તો ભાજપના સદસ્યોએ પાટલી ખખડાવી તેમને આવકાર્યા હતા. વિપક્ષના નેતાએ આ મુદ્દે ટોણો પણ માર્યો હતો.

**બહુમતીથી કામો પસાર કરાયા છે. અશોકભાઇ ઠાકોર (પ્રમુખ, નગરપાલિકા, પાલનપુર)**

પાલનપુર નગરપાલિકાની સાધારણસભામાં બહુમતીથી તમામ ઠરાવો પસાર કરવામાં આવ્યા છે.

# અરવલ્લી જિલ્લા સેવા સદનમાં "સ્વચ્છતા અભિયાન"નું સુરસુરિયું

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સત્ય,અહિંસાની સાથે સાથે સ્વચ્છતાના પૂજારી હતા ત્યારે તેમના માનમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરી દરવર્ષે મોટા પાયે સ્વચ્છતા મિશન હાથધરવામાં આવે છે જેમાં સરકારી કચેરીઓ,સ્વૈચ્છીક સંસ્થાઓ શાળા કોલેજો સહીત જાહેરસ્થળો અને માર્ગો પર સરકારી અધિકારીઓ અને ભાજપના કાર્યકરો દ્વારા સફાઈ અભિયાન હાથધરી ફોટો સેશન સાથે મોટી મોટી સફાઈ અને સ્વચ્છતા અંગે સુફિયાણી સલાહ આપવામાં આવે છે પરંતુ તે દેખાવો માત્ર થોડા દિવસો પુરાતો અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કરાતો હોય છે વાસ્તવમાં આજેપણ કેટલીય સરકારી કચેરીઓમાં સરકારના કર્મચારીઓ દ્વારા જ ગંદકી કરવામાં આવતી હોય છે અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરીના ખૂણાઓ, બારીઓ,લિફ્ટ પાનની પિચકારીઓ મારી કર્મચારીઓ અને કામકાજ અર્થે આવતા પ્રજાજનો મારતા દીવાલો અને ખૂણાઓ ગંદકીથી ખદબદી રહ્યા છે જીલ્લા સેવાસદનની લિફ્ટ માંજ પિચકારીઓ મારી ગંદી કરતા લિફ્ટનો ઉપયોગ કરતા અધિકારીઓ પણ સફાઈ





કરવાનું મુનાસીબ ન સમજતા ભારે આશ્ચર્ય સર્જાયું છે. સરકાર ભલે સ્વચ્છતાના મોટા મોટા દાવાઓ અને જોરશોરથી જાહેરાત કરતી હોય પણ જેના સીરે જીલ્લાને સ્વચ્છ રાખવાની જવાબદારી છે તેવી અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરીમાંજ ઠેર ઠેર ગંદકી અને પાનની પિચકારીઓ મારી દીવાલો અને ખૂણાનો રંગ જ બદલી નાખ્યો છે જીલ્લા સેવાસદનમાં આવેલી લિફ્ટનો જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપયોગ કરતા હોવાછતાં લિફ્ટમાં પાન-મસાલા ખાઈ મારેલી પિચકારીઓ થી થયેલી ગંદકી દૂર કરવા કેમ સફાઈ કર્મચારીઓ કે જવાબદાર લોકોને ધ્યાન દોરવામાં આવતું નથી જીલ્લા સેવાસદનના ખૂણાઓ,દીવાલો પણ સ્વચ્છતા અભિયાનનું સુરસુરિયું થયાની ચાડી ખાઈ રહી છે જીલ્લા સેવાસદન કચેરીમાંજ ગંદકી જોવા મળી રહી છે.

સરકાર ભલે સ્વચ્છ અભિયાન મોટાપાયે ચલાવતી હોય પણ જિલ્લાના સેવા સદનમાં જ ગંદકીના થર જામ્યા છે. તો પછી મોડાસા શહેર તથા આખા જિલ્લાની વાત કરવાનો સવાલ જ નથી ઉભો થતો. સરકારી બાબુઓ માત્રને માત્ર વાર-તહેવારે જ તાયફા કરીને વાહવાહી લઈને ફાઈલ બતાવી દે છે, પણ જમીની હકીકત ક્યારે બદલાશે તે કોઈ જાણતું નથી.

### અરવલ્લીમાં સફાઈ કામદારોના ન્યાય માટે ૨૪ કલાકના

# પ્રતીક ઉપવાસ બાદ દંડવત પ્રણામ સાથે કલેકટરને આવેદનપત્ર

ગુજરાત વાલ્મિકી સંગઠન દ્વારા અરવલ્લી જીલ્લા સેવાસદનના કાર્યક્ષેત્રમાં આવેલી અને જીલ્લાની અન્ય સરકારી કચેરીઓમાં કોન્ટ્રાકટ પદ્ધતિ થી સફાઈ કર્મચારીઓની ભરતી માં સફાઈ કર્મચારીઓને થતા અન્યાય અંગે જીલ્લા સેવાસદન કચેરી સામે ખુલ્લામાં સફાઈ કર્મચારીઓ ૨૪ કલાક પ્રતીક ઉપવાસ ધરણા યોજી ન્યાયની માંગ સાથે પ્રમુખ લાલજી ભગતે દંડવત પ્રણામ સાથે "મોદી સરકાર મુર્દાબાદ મુર્દાબાદ" ના નારા સાથે ધારણાના સ્થળ થી જીલ્લા કલેક્ટર કચેરી પહોંચી જીલ્લા કલેક્ટર એમ.નાગરાજનને આવેદનપત્ર આપ્યું હતું.



મોડાસાના શામળાજી રોડ પર આવેલા જીલ્લા સેવાસદન કચેરીના સ્થળ થી સામેની ખુલ્લી જગ્યામાં ગુજરાત વાલ્મિકી સંગઠન ના સહયોગ થી જીલ્લાની સરકારી કચેરીમાં આઉટસોસલ્ગ થી ભરતી કરેલા સફાઈ કર્મચારીઓનું કોન્ટ્રાક્ટર દ્વારા શોષણ થતા બુધવારે ૨૪ કલાકના પ્રતીક ઉપવાસ યોજી ગુરુવારે જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી દંડવત પ્રણામ સાથે આવેદનપત્ર આપનાર લાલજી ભગતે જીલ્લા કલેક્ટરને જણાવ્યું હતું કે સફાઈ કામદારોના ૬ મહિનાથી પગાર પણ કોન્ટ્રાક્ટરે આપેલ નથી જેથી સફાઈ કર્મચારીઓને જીવનનિર્વાહ ચાલવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે સરકાર ના ધારાધોરણ મુજબ લઘુત્તમ વેતન અમલવારી કરવા, પી.એફ નો લાભ આપવા અને લાભાર્થી યાદીમાં સમાવિષ્ટ કરવા યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી હતી સફાઈ કામદારોના પડતર પ્રશ્નોનો ઝડપથી ઉકેલ નહિ આવેતો જીલ્લા સેવાસદનમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી સફાઈ કામદારોના પ્રતીક ઉપવાસને લાલ વાવટાના અને ગરીબો અને જરૂરિયાત મંદ લોકો માટે સતત લડત ચલાવનાર ડાહ્યાભાઈ જાદવ અને તેમની ટીમે સમર્થન આપ્યું હતું.

# કાંકરેજ તાલુકાના કંબોઈ ગામે શ્રમજીવીના છાપરામાં આગ લાગતા ઘરવખરી બળીને ખાખ

પ્રાપ્ત અહેવાલ અનુસાર કાંકરેજ તાલુકાના કંબોઈ ગામે મજૂરી અર્થે આવેલા મહેસાણા જિલ્લાના ચાણસ્મા તાલુકાના ધારપુરા ના



સોલંકી કાળુભા રાજુભા પોતાના કુટુંબ સાથે કંબોઈ ગામે રહે છે ત્યારે પોતાના સાપરા ના અંદર ગત રાતે સુતા હતા ત્યારે અચાનક જ આગ ફાટી નીકળી હતી અને બૂમાબૂમ થઈ હતી જોકે બનાવ અંગે પોતાના કુટુંબ સાથે ખાઈ પી સુઈ ગયા હતા અને રાત્રે સૂતી વખતે અચાનક આગ લાગી હતી ત્યારે પોતાના સાપરા માં મજૂરી કરી ભેગા કરેલ રોકડ રકમ ૩૫૦૦૦ તેમજ સોનાનું કડું અને ફૂલ મળી કુલ ૭૦.૦૦૦ રૂપિયા તેમજ ઘરવખરી બળીને ખાખ થઈ જતાં પોતે બેઘર થયા હતા અને પોતાની પરસેવાની કમાણી પણ બળી જતાં સાવ નોંધારા થઈ ગયા છે ત્યારે તંત્ર દ્વારા આર્થિક રીતે સહાય કરી પોતાના કુટુંબ નિર્વાહ માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લોક લાગણી સાથે માગણી ઉઠવા પામી છે જોકે અનાજ માં ઘઉં અને બાજરી તેમજ ખાદ્ય સામગ્રી માટે ઉપર ભગવાન અને નીચે ધરતી નો એક માત્ર સહારો બચ્યો ત્યારે કંબોઈ સરપંચ તલાટી તેમજ મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરી દ્વારા આવા ગરીબ પરિવાર ને મદદરૂપ થઈ યોગ્ય રીતે સહાય કરવામાં આવે તેવી આગનો ભોગ બનનાર કાળુભા સોલંકી એ મીડિયા સમક્ષ જણાવ્યું હતું.

# કાંકરેજ તાલુકાના માંડલા ગામમાં બે વખત દબાણ દુર કરાયા

કાંકરેજ તાલુકાના માંડલા ગામે ગૌચર ની જમીન માં બે વાર દબાણો દૂર કરવા માં આવ્યા અનેક પ્રકારની સમસ્યા ની દરેક તંત્ર ને લેખિત રજૂઆત કરવામાં આવે છે સરપંચ પોતાના કોન્ટ્રકટર નો ધંધો ચાલુરહે અને તેના મળતીયા અધિકારીઓ સાથે સાંઠગાંઠ કરી પત્રમ પુષ્પમ કરી સમગ્ર મામલો દબાવવા અનેક પ્રકારના દાવો ત્યારે આજે હટાવેલ દબાણ અંગે ગ્રામ પંચાયત કચેરી અને તાલુકા પંચાયતના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ કામગીરી ને કેવો પ્રતિસાદ મળશે તેતો આવનાર



અને તંત્રની મીઠી નજર સમક્ષ ફકત દબાણ દૂર કરવા નું નાટક ભજવી કાગળો ઉપર સબ સલામત... બનાસકાંઠા જિલ્લાના પૂર્વ ઉપ પ્રમુખ મસાજી નથુજી ઠાકોરે અનેક વખતે ઉચ્ચ કક્ષાએ લેખિત રજુઆત કરી હતી અને એક વખત પોતે આત્મ વિલોપન પાલનપુર ખાતે કર્યું હતું. અંતે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા દબાણ દૂર કરવા આદેશ આપવામાં આવ્યો અને ફરી એકવાર આજે દબાણ દુર કરવા નું નાટક ભજવાયું... માંડલા કરવામાં આવ્યા. તંત્ર દ્વારા ઉચ્ચ કક્ષાએ થી આદેશ કર્યો હોવાથી દબાણ હેઠળ કરેલ વાવેતર માં આજે જેસીબી મશીન દ્વારા સ્થળ ઉપર તાલુકા વિકાસ અધિકારી તેમજ સર્કલ ઓફિસર સહિત તલાટી અને સરપંચ પણ દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી ત્યારે આખરે તો દબાણ નો મામલો જૈસે થે જેવો જ ઘાટ ઘડાશે. અગાઉ પણ આવીજ રીતે નાટક ભજવી ને કાગળ ઉપર સબ સલામત હોવાનું બહાર આવ્યું હતું. સમય જ બતાવશે. જોકે હજુ સુધી રતનગઢ ગૌચરની જમીન ઉપર સરપંચે દબાણ કરેલ છે ત્યારે તેને હટાવવા માટે તંત્ર દ્વારા ઠાગા કરવામાં આવી રહ્યા છે અને આંગણવાડા માં પણ આવીજ પરિસ્થિતિ હોવાથી હવે તાલુકા વિકાસ અધિકારી દ્વારા શુ નિર્ણય લેવામાં આવશે તે જોવું રહ્યું ગુવાર નો ઊભો પાક ખેડાણ કરી દબાણ હટાવવા નું નાટક ભજવાયું હતું ૨૦૧૭ માં ફોટો જોઈ શકાય છે.

# દાંતીવાડા કૃષિ યુનિ. ખાતે ત્રીજીએ એગ્રી યુનિફેસ્ટ યોજાશે

## દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી મુકામે ૩ થી ૭ ફેબ્રુઆરી દરમ્યાન યોજાનાર યુથ ફેસ્ટીવલમાં દેશની ૭૦ કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ભાગ લેશે

પાલનપુર, તા. ૩૦

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે આગામી ૩ થી ૭ ફેબ્રુઆરી દરમ્યાન દેશની ૭૦ કૃષિ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ માટે યુથ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ૩ ફેબ્રુઆરીના રોજ એગ્રી યુનિફેસ્ટ-૨૦૧૯ના ઉદઘાટન સમારોહમાં મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી ઉપસ્થિત રહેશે.

દેશની કૃષિ શિક્ષણ પધ્ધતિમાં વિદ્યાર્થીઓને વર્ગખંડના શિક્ષણ ઉપરાંત તેમનામાં રહેલી સાંસ્કૃતિક કલા અને તે સબંધી આવડત અને કૌશલ્યને બહાર લાવવા માટે ગુજરાત સરકાર અને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હીના સહયોગથી દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે એગ્રી યુનિફેસ્ટ-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ૩ ફેબ્રુઆરીના રોજ ઉદઘાટન પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, કૃષિ અને ગ્રામ વિકાસમંત્રી રણછોડભાઈ ફળદુ, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કૃષિ વિભાગના અગ્ર મુખ્ય સચિવ સંજયપ્રસાદ, ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ નવી દિલ્હી ડૉ. એન. એસ. રાઠોડ, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. અશોક પટેલ ઉપસ્થિત રહેશે.

૩ થી ૭ ફેબ્રુઆરી સુધી સતત પાંચ દિવસ સુધી ચાલનારા આ કાર્યક્રમમાં દેશની ૭૦ કૃષિ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ દ્વારા સંગીત, નૃત્ય, કવીઝ, વકતૃત્વ સ્પર્ધા, એક પાત્રીય અભિનય, ચિત્ર સ્પર્ધા, રંગોળી, કાર્ટૂનિંગ વગેરે સ્પર્ધાઓ રજુ કરવામાં આવશે. તેમ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

### લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ની પૂર્વ તૈયારી રૂપે

# પાલનપુર ખાતે નોડલ ઓફિસરોની બેઠક યોજાઈ

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ની પૂર્વ તૈયારીરૂપે પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને નોડલ ઓફિસરોની બેઠક યોજાઈ



હતી. આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તથા ચૂંટણીના સરળ સંચાલન અને દેખરેખ માટે જુદી જુદી કામગીરી પ્રમાણે બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા ૨૬ જેટલાં નોડલ ઓફિસરોની નિમણુંક કરવામાં આવી છે. આ નોડલ ઓફિસરોને સોંપાયેલ કામગીરીની ચર્ચા માટે પાલનપુર કલેકટર કચેરીના મીટીંગ હોલમાં બેઠક યોજાઈ હતી.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી બનાસકાંઠા દ્વારા જિલ્લા વિકાસ અધિકારીશ્રીની નોડલ ઓફિસર ખર્ચ નિયંત્રણ અને જિ. પંચાયતના હિસાબી અધિકારીની મદદનીશ નોડલ ઓફિસર ખર્ચ નિયંત્રણ તરીકે નિમણુંક કરવામાં આવી છે.

### પોશીના તાલુકાના દેલવાડા છોછર કસ્તુરબા ગાંધી

# બાલિકા વિદ્યાલયમા વિદ્યાર્થિનીનો ગળે ફાંસો ખાઈ આપઘાત

પોશીના તાલુકાના દેલવાડા (છો.)માં આવેલ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય માં રહી ધોરણ સાતમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ હોસ્ટેલના બાથરૂમમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

દેલવાડા (છો) આવેલ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય ના ગૃહમાતા ઈન્દુબેન આર કોટવાલ ના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્મા ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ માંવિદ્યાર્થીની નીઓને ભાગ લેવાનો હોય તેની પ્રેક્ટિસ બુધવારે બપોરે ૩ વાગ્યા થી પાંચ વાગ્યા સુધી કરવામાં આવી હતી ત્યારબાદ તમામને નાસ્તો કરાવવામાં આવ્યો હતો અને પછી વિદ્યાર્થીનીઓને ફ્રેશ થવા માટે ની રજા આપી ખેડબ્રહ્મા વિદ્યાર્થીનીઓને લઈ જવા માટે દેલવાડા ગામમાં ભાડાની ગાડી નક્કી કરવા માટે ગયા હતા ત્યારબાદ છ વાગ્યાના સુમારે પરત હોસ્ટેલમાં આવતાં અન્ય વિદ્યાર્થિનીઓ દોડી આવી જણાવેલ કે બાથરૂમમાં અંજલિએ કશું કર્યુ છે તેવું કહે તો તમામ સ્ટાફ સાથે બાથરૂમ તરફ દોડી ગયા હતા જયા જઈ જોતા અંજલિ બાથરૂમ ની બારી ના સળિયા સાથે ગળે દુપટ્ટો બાંધી આપઘાત કરીલીમૃત હાલતમાં જણાઈ હતી જેને તરત જ તેના વાલીવારસો તથા ગામના સરપંચ ને જાણ કરતા તમામ સ્થળ પર દોડી આવ્યા હતા ત્યાર બાદ પોલીસને જાણ કરતાંપોશીના પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી જે મોડી રાત સુધી કાયદાકીય કાર્યવાહી કરી લાશને પીએમ માટે પોશીના સી એચ સી લઈ જવામાં આવી હતી.

વિદ્યાર્થીની ના પિતા શેરૂ ભાઈ ધરમા ભાઈ ગમારા રહેવાસી સેબલિયા તાલુકો પોશીના ના જણાવ્યા અનુસાર બે વર્ષથી મારી પુત્રી આ વિદ્યાલયમાં રહી અભ્યાસ કરતી હતી અભ્યાસમાં પણ હોશિયાર હતી તેને કોઈ જાતનું દબાણ કે ટેન્શન ન હતું પરંતુ કોઈએ તેની હત્યા કરી હોવાની શંકા છે જેથી પોલીસ ન્યાયિક અને સાચી તપાસ કરે તેવી માંગ છે.